PG CL
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ
PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ-મેઈલ :- forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૬/કવા-૦૧/૧૮-૧૯/ 5456-2 તા. 27-6-18

રજી. એડી. પત્ર

પ્રતિ,
સતીષભાઈ જસમતભાઈ ચોરીયા, (ચોરીયા)
ગામ: બાવા સીમરોલી
તા.કેશોદ,
જી.જુનાગઢ
મો: ૯૯૨૪૬ ૫૦૬૫૬

**વિષય :–ખેતર ની હદમા ઉભા કરાયેલા વીજપોલ બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૦૨–૦૫–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૨૬/કવા–૦૧/૧૮–૧૯ )**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી , કેશોદ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી નં. –૧, કેશોદ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૨૬/કવા–૦૧/૧૮–૧૯ | કમિટી મીટીગઃ તા. ૦૫–૦૬–૧૮ | સ્થળ : જુનાગઢ |
|---|---|---|

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામઃ સતીષભાઈ જસમતભાઈ[illegible]ોરીયા, ગામઃ બાવા સીમરોલી

રજુઆત કરનારઃ અરજદાર હાજર રહેલ નથી.

## વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી નં. –૧, કેશોદ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી , કેશોદ)

રજુઆત કરનાર :એસ.કે.પરમાર એસ.એ. રેવન્યુ વિભાગીય કચેરી , કેશોદ

---

## : હુકમ :

---

ફરીયાદ : ખેતર ની હદમા ઉભા કરાયેલા વીજપોલ બાબત

---

### મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ગામઃ બાવા સીમરોલી મા તેઓની ખેતીવાડી ની જમીન માથી – બાજુના ખેત પાડોશી – રાજેશભાઈ સવજીભાઈ તાજપરા ને ગ્રામ્ય –૧ કેશોદ ની પીજીવીસીએલ ની કચેરી દ્રારા ઈરાદા પૂર્વક જ – તેમના ખેતર મા ૦૯ પોલ ઉભા કરી અને ૦૪ જગ્યાએ ધાય ઉભી કરી અને તેમના ખેતર ને નુકશાન કાયમી ધોરણે નુકશાન કરેલ છે. તેઓએ અગાઉ ની ઘણી બધી અરજીઓ મા જણાવેલ છે કે – સર્વે કરતી વખતે અને સદર વીજલાઈન ઉભી કરતી વખતે તેઓને જાણ કર્યા વગર – જોડાણ લેનાર ખેડુત દ્રારા લાગવગ અને પૈસા ના જોર થી – અને આર.ઈ. ઓફિસ સાથે મીલીભગત કરી અને – તેઓને અન્યાય કરેલ છે. કેમકે જોડાણ લેનાર ખેડુત ને ૦૩ જગ્યાએ થી ટુકી લંબાઈ વાળુ જોડાણ મળી શકે તેમ હોવા છતા – તેઓની જમીનમાથી સદર વીજપોલો ને ખસેડવા માટે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

### મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર ની ફરીયાદ અન્વયે ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી નં. –૧, કેશોદ ના નાયબ ઈજનેર દ્રારા જરૂરી કાર્યવાહી કરી નડતરરૂપ વીજપોલ દુર કરી આપેલ હોય, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થતાં અરજદારે પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે નો, તા.૦૪–૦૬–૧૮ ના લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે. |

### મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

**૩.૧**

- અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર ના પત્ર તા.૧૨–૦૪–૧૮ ના રોજ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી નં. –૧, કેશોદ ના નાયબ ઈજનેર સામે નડતરરૂપ વીજલાઈન નાખવા સામે વાંધો હોય, યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી કરેલ. તેમ છતા, સામેવાળા દ્રારા કોઈ કાર્યવાહી ન થતા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત પત્ર તા.૦૨–૦૫–૧૮ ના રોજ કરેલ છે. તે મુજબ તેઓની ખેતીવાડી ની જમીન માથી અન્ય ખેડુત શ્રી રાજેશભાઈ સવજીભાઈ તાજપરા ને વીજજોડાણ આપવા માટે – અરજદાર ના ખેતરમાથી ૦૯ પોલ અને ૦૪ ધાય નાખી – તેઓને નડતરરૂપ હોવા અંગે ની અગાઉ રજુઆત કરવા છતા – કામગીરી કરેલ, વધુમા સદર ખેડુત ને અન્ય જગ્યાએથી નજીક માથી વીજજોડાણ મળી શકે તેમ હોય, તેમ છતા અરજદાર ની જમીન માં વીજલાઈન ઉભી કરાયેલ.
- ઉપરોક્ત બાબતે વિભાગીય કચેરી ના પત્ર તા.૦૪–૦૬–૧૮ મુજબ – અરજદાર ને વીજલાઈન નડતરરૂપ ન થાય તે અંગે ની જરૂરી કાર્યવાહી પૂર્ણ કરેલ હોય – તે બાબત ની લેખીત જાણકારી અરજદાર ને કરેલ છે. તેમજ, સદર બાબતે અરજદાર ને કોઈ ફરીયાદ નુ સંતોષજનક નિરાકરણ થતા – લેખીત સંમંતીપત્રક તા.૦૪–૦૬–૧૮ મા સહી કરી આપેલ છે.
- વધુમા અરજદાર ની રજુઆત અન્વયે – જે તે વખતે પેટા વિભાગીય કચેરી ના અધિકારી દ્રારા યોગ્ય કાર્યવાહી કરાયેલ હોત તો, સદર કેઈસ ઉપસ્થિત થાત નહી. જેથી, સામેવાળા ને અરજદાર ની રજુઆત મુજબ નિયમાધીન કાર્યવાહી કરવા બાબતે જાણકારી આપવામા આવે છે.
- આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થતા ફોરમ કમિટી એ કશુ કરવાનુ રહેતુ ન હોય – અરજી દફતરે કરવી તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

**મુદદા નં.–૪ :** **હુકમ**

**૪.૧**

- સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ સંતોષજનક નિરાકરણ થતા – અરજદારે લેખીત સંમંતીપત્રક તા.૦૪–૦૬–૧૮ મા સહી કરી આપેલ છે.
- વધુમા અરજદાર ની રજુઆત અન્વયે – જે તે વખતે પેટા વિભાગીય કચેરી ના અધિકારી દ્રારા યોગ્ય કાર્યવાહી કરાયેલ હોત તો, સદર કેઈસ ઉપસ્થિત થાત નહી. જેથી, સામેવાળા ને અરજદાર ની રજુઆત મુજબ નિયમાધીન કાર્યવાહી કરવા પીજીવીસીએલ પક્ષકાર ને – સદર બાબતે જાણકારી આપવામા આવે છે.
- તેમજ અરજદાર ની અરજી અત્રે ના ફોરમ તરફથી દફતરે કરવામા આવે છે.

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.